Publication: Divya Bhaskar
Date: 28/12/2019
Page: 3
Column: 4

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શનિવાર, 28 ડિસેમ્બર, 2019

# મહિલાઓ માટે 'મેરી સંગિની મેરી માર્ગદર્શિકા' પ્રોજેક્ટ

મુંબઈ | મુંબઈમાં વીજ પુરવઠો કરતી અદાણી ઈલેક્ટ્રિસિટીએ આરે કોલોનીમાં એક પ્રસંગમાં 'મેરી સંગિની, મેરી માર્ગદર્શિકા' નામનો એક પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે. આ પ્રોજેક્ટનો હેતુ ચેન્જમેકર્સ તરીકે ઊભરી આવતી સમાજની આગેવાન મહિલાઓનું સર્જન અને સંવર્ધન કરવાનો છે. આ યોજનાનો અમલ અદાણી ફાઉન્ડેશન દ્વારા તિલનગરના હકદર્શક અને આરે કોલોનીના સહયોગથી સૌપ્રથમ ધોરણે અમલ કરવામાં આવશે. ફાઉન્ડેશનના ડિરેક્ટર સુષમા ઓઝાએ જણાવ્યું હતું કે, "એક સંગિની તરીકે, સમાજના સ્વયંસેવકોને તાલીમ મારફત જાણકારી અને કૌશલ્ય પ્રદાન કરવામાં આવશે જેથી તેઓ સમોવડિયાના સલાહકાર અને એડવાઈઝર્સ તરીકે કાર્ય કરી શકે.